"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदावाद-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241, 079-65449187 (M) 98240 39477

---

**રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૬-૧૭/૧૭** **તા.૨૨-૦૨-૨૦૧૭**

**પ્રતિશ્રી,**
**માન.શ્રી વિજયભાઈ રૂપાણી**
**માન.મુખ્યમંત્રીશ્રી**
**સ્વર્ણિમ સંકુલન-૧, પહેલે માળ, ન્યુ સચિવાલય,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**વિષય :- પોલીસ સ્ટેશનોમાં ચોરી અંગેની એફ.આઈ.આર. નકારવા તેમજ હાઈવે ઉપર લો એન્ડ ઓર્ડર બાબતે**

**માનનીય શ્રી,**

સવિનય જણાવવાનું કે તા.૦૭-૦૨-૧૭ ના રોજ અમારૂં પ્રતિનીધીમંડળ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને લગતાં પ્રશ્નોને લઈ આપની ઓફિસમાં રજુઆત અર્થે આપશ્રીની મુલાકાત લીધેલ અને આપની ખુબ જ વ્યસ્તતામાં પણ અમોને આપેલ સમય બદલ અમો સૌ આપના આભારી છીએ.

ત્યારબાદ બીજે દિવસે સવારે રજુ કરેલા મુદ્દાઓ ઉપર માન.શ્રી વલ્લભભાઈ કાકડિયા-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો)ની ઓફિસમાં વાહનવ્યવહાર કમિશ્નરશ્રીના અધિકારીઓ અને શ્રી ડી.એચ. શાહ ઓએસડી ટુ મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં રજુ કરેલા મુદ્દાઓની છણાવટ થયેલ અને ત્યારે વાહન વ્યવહાર મંત્રીશ્રીએ તે રજુઆતોને આગળ વધારી, જે-તે વિભાગોમાં ભલામણ કરી, પ્રશ્નોનું નિરાકરણ કરવાનું આશ્વાસન આપેલ.

આજ મીટીંગમાં ખાસ કરીને હાઈવે ઉપર થતી ચોરીઓ બાબત તેમજ લો એન્ડ ઓર્ડર બાબતે ચર્ચા થયેલ અને તે સંદર્ભે અમારી નીચે મુજબની રજુઆત ખાસ ધ્યાનમાં લેવા વિનંતી છે.

હાઈવે ઉપર કયારેક પણ કોઈ નાની-મોટી ચોરી કે લૂંટ બાબતે જાણ થતાં જે-તે પોલીસ સ્ટેશનમાં રજુઆત કરવા જઈએ છીએ ત્યારે બનેલી બાબત ને ગૌણ ગણી જે-તે પોલીસ સ્ટેશનના હદની વ્યાખ્યામાં પ્રાધાન્ય આપવામાં આવે છે અને કોઈપણ રીતની એફ.આઈ.આર. લેવામાં જે-તે પોલીસ સ્ટેશનના અધિકારીઓ અવગણના કરે છે.

આ પહેલા પણ ૨૦૧૩માં સરકારશ્રીને કરેલ રજુઆત બાદ પોલીસ મહાનિદેશક દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાં ક્રમાંક જી-૧/(ક્રાઈમ)/ટે-૧/યાદી/૩૫૦૫/૨૦૧૩ તા.૧૧-૧૨-૨૦૧૩ મુજબ જે હદ બાબતે જે-તે અમલદારને કોઈ સંશય હોય તો "૦" નંબરથી પણ એફ.આઈ.આર. લેવી જોઈએ, પણ તેની અવગણના કરવામાં આવે છે.

હાલમાં બનેલ ચોરીના બનાવ પ્રમાણે તા.૦૪-૦૨-૨૦૧૭ના રોજ અમદાવાદથી લીંબડી જતી ગાડીમાં બાવળા પાસે ચોરીનો બનાવ બનેલ અને તે અર્થે બાવળા પોલીસ સ્ટેશનમાં રજુઆત કરતાં પ્રથમ તો એફ.આઈ.આર. લેવાની ના પાડેલ, પણ મોટર માલીક તેમજ ટ્રાન્સપોર્ટ કંપનીએ ત્યાંથી ગાડી ના ખસેડતાં અને ઘણી જગ્યાએ રજુઆતો કર્યા બાદ તા.૦૭-૦૨-૨૦૧૭ના રોજ સાંજે એફ.આઈ.આર. લેવાનું નક્કી કરેલ.

આવી બાબતોમાં અમારી રજુઆત એવી છે કે એફ.આઈ.આર. લેવામાં ઘણો જ વિલંબ થાય છે અને ચોરી બાબતની કોઈપણ તાત્કાલીક તપાસ થઈ શકતી નથી. તો તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવા વિનંતી.

"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

૭૫, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे,
शाहीबाग रोड, अहमदाबाद-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 98240 39477



વિશેષમાં જણાવવાનું કે અમારી સંસ્થામાં આવેલ અનેક રજુઆત મુજબ અમદાવાદથી રાજકોટ જતા હાઈવે ઉપર લીંબડીથી ચોટીલાની વચ્ચે ૨-૩ જગ્યાએ પોલીસની ગાડી ઉભી રાખી હાઈવે ઉપરથી પસાર થતા ગુડસ વાહનોને રોકીને કોઈપણ કારણ બતાવી પૈસા ઉઘરાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે તા.૧૧-૦૨-૨૦૧૭ના રોજ અમારી સંસ્થાની વાંકાનેર મુકામે કારોબારી સમિતિની મીટીંગ પતાવીને પાછા ફરતા અમોએ આ બાબતે જાત તપાસ કરેલ ત્યારે લીંબડીથી રાજકોટ તરફ ૧૦ કી.મી. અને લીંબડીથી અમદાવાદ તરફ ૧૦ કી.મી.ના અંતરે સુરેન્દ્રનગર પોલીસ લખેલી બે જીપો હાઈવે ઉપરથી પસાર થતી ટ્રકોને રોકી પૈસા ઉઘરાવતા હતા અને અમે ત્રીનેત્ર મંદિરની સામે ઉભેલી પોલીસ જીપ અને ટ્રક પાસે ઉભા રહી તપાસ કરતા ત્યાં પોલીસ સાથે ઉભેલા બીજા ત્રણ માણસો મોટર સાયકલ ઉપર ભાગી ગયેલ અને ટ્રક ડ્રાયવરથી વાત કરતા માલુમ પડેલ કે (ઓમ) ૨ નંબર લખેલા છાપેલા બે ટોકન ડ્રાયવરને આપી રૂા. ૩૦૦/- લેવામાં આવેલ. અમોએ પોલીસ પાસેથી ડ્રાયવરને રૂા.૩૦૦/- પરત અપાવેલ અને ડ્રાયવરને આપેલ બે ટોકન લઈ લીધેલ, જેની નકલ આપશ્રીની જાણ સારૂં બીડેલ છે.

આપને અમારી નમ્ર વિનંતી છે કે ગુજરાત રાજયમાં એફ.આઈ.આર. બાબતે તેમજ તપાસને બહાને ગાડીઓને વારંવાર રોકી થતાં ભ્રષ્ટાચારને અટકાવવા મહેરબાની કરશોજી.

આ બાબતે જે-તે વિભાગમાં ચર્ચા અર્થે જવાનો સમય મળે તેવું યોગ્ય કરવા વિનંતી સહ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)

સામેલ :
૧. ક્રમાંક જી-૧/(ક્રાઈમ)/ટે-૧/યાદી/૩૫૦૫/૨૦૧૩ તા.૧૧-૧૨-૨૦૧૩ના રોજનું જાહેરનામું
૨. (ઓમ) ૨ નંબર લખેલા છાપેલા બે ટોકન

નકલ રવાના :

૧. **માન.શ્રી પ્રદીપસિંહ બી. જાડેજા**-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ રક્ષક દળ, કાયદો અને ન્યાયતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. **માન.શ્રી તીર્થ રાજ સાહેબ**-અધિક પોલીસ મહાનિદેશક (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૩. **માન.શ્રી પી.પી. પાન્ડેય (આઈપીએસ)**-ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડી.જી.પી.)-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૪. **માન.શ્રી ડી. એન. પટેલ સાહેબ**-નાયબ પોલીસ મહાનિરીક્ષક, રાજકોટ રેન્જ, રાજકોટ.
૫. **માન.શ્રી દીપક મેઘાણી સાહેબ** (ડી.એસ.પી), સુરેન્દ્રનગર.
૬. **માન.શ્રી પી.જી. વાઘેલા સાહેબ** નાયબ પોલીસ અધિક્ષક, લીંબડી.